**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૬ ટકા

# સિવિલમાં વધતો ઉંદરોનો ત્રાસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અદ્યતન બનાવેલ આઠ માળની ઈમારતમાં છેલ્લા ઘણા સમયથી ઉંદરો ત્રાસ વર્તાઈ રહ્યા છે. તેમના ત્રાસથી દર્દીના સ્નહીજનો શાંતિથી નિંદર પણ માણી શકતા નથી. નવી બિલ્ડીંગમાં ઉંદરોનો ભય દર્દીઓ સહિત સ્ટાફને પણ સતાવી રહ્યો છે. મોડી રાતે દોડાદોડી કરતા ઉંદરોના પગલે સિવિલ તંત્રને નુકશાન વેઠવાનો વારો પણ આવે છે.

પાટનગર મેડીકલ કોલેજને પગલે સિવિલમાં સુવિધાઓ વધવા પામી છે. ડોકટર્સથી લઈને મશીનરીમાં પણ વધારો કરાયો છે. સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. તાવથી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર દર્દીઓની મળી રહે છે. ત્યારે સિવિલની ઓપીડી બિલ્ડીંગની સાથે આઠમાળની બિલ્ડીંગ પણ દર્દીઓથી ખીચોખીચ ભરાયેલી હોય છે. ત્યારે દર્દીઓના સાથે રહેતા સ્નેહીજનો તેમજ સ્ટાફની મુશ્કેલી રાત પડતા જ વધી જવા પામે છે. દરેકને ઉંદરનો ડર સતાવે છે, જેમાં મોડીરાત થતા જ ઉંદરો દોડાદોડી કરવાનું શરુ કરતા જ નીચે જમીન પર સુતા દર્દીઓના સગાઓને હેરાનગતિનો સામનો કરવો પડે છે. દર્દીના સગાઓને રાત્રીના ઉજાગરા વેઠવાનો વારો આવે છે. જયારે ઉંદરો કોમ્પ્યુટરના વાયર, ટેલીફોન લાઈન, તેમજ દવાની ટ્રે સહિતની ચીજવસ્તુઓને નુકશાન પહોંચાડે છે. ઉંદરોની બુમ ગત્ વર્ષે પણ ઉઠવા પામી હતી. જેમાં ઉંદર પકડવા માટે તંત્ર દ્વારા ૧૫ જેટલા પાંજરા ખરીદ કરવામાં આવ્યા હતા. ઉંદરોના ત્રાસ હોય તેવા વોર્ડમાં મુકવામાં આવ્યા હતા. જેને પગલે ઉંદરો પાંજરે પુરાતા દર્દીઓ તેમજ સ્ટાફે રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારે સિવિલમાં ફરીવાર નવી બિલ્ડીંગમાં ઉંદરનો ત્રાસ વર્તાતા તંત્ર દ્વારા પાંજરા ગોઠવવામાં આવે તેવી સ્થિતિ ઉદભવી છે. આગામી સમયમાં જયા ઉંદરનો ત્રાસ હશે તેવા વોર્ડમાં તંત્ર દ્વારા ૧૫ જેટલા પાંજરા લાવેલા છે તે ગોઠવવામાં આવશે અને તેને પકડીને બહાર ખુલ્લી જગ્યામાં છોડી મુકવામાં આવશે. પરંતુ આજના સમયે તો દર્દીઓ અને સ્નેહીજનો રાત પડતા જ ઉંદરના ત્રાસથી ત્રાહીમામ પોકારી ઉઠે છે. આ અંગે યોગ્ય કરવામાં આવે તેવી દર્દીના સગાઓની લાગણી અને માંગણી છે.

## વાતવાતમાં

● શિયાળાની ઋતુ હોવાથી શહેરમાં વહેલી સવારે ક્રિકેટ સહિત વિવિધ રમતો રમવાની પ્રવૃત્તિમાં વધારો થવા પામ્યો છે. જો કે પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે સે-૧૧ના તમામ મેદાનો પાર્કિંગ લોટ બનાવી દેવાયા હોઈ યુવા ખેલાડીઓને દૂરના વિસ્તારોના વિકલ્પ અપનાવવા પડી રહ્યા છે.

## હાઈવે પર લુંટ કરતી ગેંગ સક્રીય પરોઢીયે બે ટ્રક ડ્રાઈવરોને લુંટી લેવાયા

**વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ હાઈવે પર એક ટ્રક ડ્રાઈવરની ધોલાઈ કરીને તેની પાસેથી ૪૮ હજારની લુંટ ચલાવી : આજ રીક્ષા ગેંગે દુધના ટેન્કરના ડ્રાઈવરને પણ લુંટયો**

ગાંધીનગર, તા.૯

હાઈવે ઉપર ટ્રક ડ્રાઈવરોને રોકીને તેમની સાથે મારઝુડ કરીને લુંટ ચલાવતી ટોળકી પુનઃ સક્રિય થઈ ગઈ છે. વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ હાઈવે પર આજે પરોઢીયે ચાર વાગ્યાના અરસામાં રીક્ષામાં આવેલા છ થી સાત લૂંટારૂ શખ્સોએ બે ટ્રક ડ્રાઈવરોને ઉભા રાખીને લુંટી લીધા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. અડાલજ પોલિસે ટ્રક ડ્રાઈવરની ફરિયાદ આધારે ધાડનો ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતોનુસાર હરીયાણાના ટ્રક ડ્રાઈવર નિલસાદ આશીમ મહમ્મદ મેવ આજે વહેલી પરોઢીયે ચાર વાગ્યાના અરસામાં ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ તરફ હાઈવે પર ટ્રક લઈને જઈ રહ્યો હતો ત્યારે પરોઢીયે ચાર વાગ્યાના અરસામાં વૈષ્ણોદેવી-ઝુંડાલ હાઈવે પર રીક્ષા લઈને ઉભેલી લૂંટારૂ ગેંગે ડ્રાઈવરને નિશાન બનાવ્યો હતો. ટ્રક ઉભી રખાવીને ડ્રાઈવરને ઝાડીઓમાં લઈ જઈ ઢોર મારમારીને ટ્રકના કેબીનમાંથી રૂ. ૪૮ હજાર રોકડની લુંટ કરી આ ગેંગ ફરાર થઈ ગઈ હતી. આજે પરોઢીયે આ જ ગેંગ દ્વારા એક બીજી ટ્રકને પણ ટાર્ગેટ બનાવવામાં આવી હતી. દૂધનું ટેન્કર લઈને જતા ડ્રાઈવરને ઉભો રખાવીને તેની પાસેથી પણ લુંટ ચલાવવામાં આવી હતી. ડ્રાઈવર નિલસાદ મેવની ફરિયાદને આધારે અડાલજ પોલિસે ધાડ અંગે ગુનો દાખલ કરી ગેંગને પકડી પાડવા તજવીજ શરુ કરી છે. હાઈવે પરના તથા ટોલટેક્ષ પરના સીસીટીવી કેમેરાના ફુટેજ મંગાવી શંકાસ્પદ રીક્ષાઓ અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પુન્દ્રાસણ ગામમાં દારૂના અડ્ડા પર એલસીબીનો દરોડો

**ગામના ગૌચરમાં દારૂનો વેપલો થતો હતો : રૂ. ૧૦,૭૦૦નો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક પુન્દ્રાસણ ગામમાં વિદેશી દારૂ-બિયરનો વેપલો થતો હોવાની બાતમીને આધારે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પુન્દ્રાસણમાં દરોડો પાડયો હતો. ગામની ગૌચરમાં દરોડો પાડી રૂ. ૧૦,૬૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડી એલસીબીની ટીમે ગામના બુટલેગર મુકેશ ઉર્ફે ગોકો ઠાકોર સામે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે.




ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત અને તરલ ભટ્ટની ટીમે ચોકકસ બાતમીને આધારે પુન્દ્રાસણ ગામમાં ચાલતા દારૂના અડ્ડા ઉપર દરોડો પાડયો હતો. પુન્દ્રાસણમાં આવેલા રામાપીરના મંદિર પાસેની ગૌચર ખાતે દરોડો પાડી ૬ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૮૦ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૧૦,૭૦૦નો મુદ્દામાલ પકડી પાડી કબ્જે કર્યો છે. આ દારૂ-બિયરનો વેપલો કરતા પુન્દ્રાસણના બુટલેગર મુકેશ ઉર્ફે ગોકો પ્રહલાદ ઠાકોર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વોન્ટેડ બુટલેગર ડીગો ચાવડા એલસીબીના હાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એલસીબીની ટીમે પેથાપુર ચરેડી ચાર રસ્તા પાસેથી વરસોડાનાં બુટલેગર દિગ્વિજયસિંહ ઉર્ફે ડીગો ઘનશ્યામસિંહ ચાવડાને ચોકકસ બાતમીને આધારે પકડી પાડયો હતો. ૭ ફેબ્રુઆરીએ સે-૨૮ જીઆઈડીસી પાસે પોતાની વર્ના ગાડીમાં દારૂની હેરાફેરી કરતો હતો અને પોલિસને જોઈને ભાગી ગયો હતો. જેમાં પોલિસે વર્ના સહિત રૂ. ૪.૧૯ લાખનો મુદ્દામાલજપ્ત કર્યો હતો. આ કેશ ઉપરાંત ત્રણ મહિના પહેલા પેથાપુર પોલિસે રૂ. ૧૦.૫૭ લાખનો દારૂનો જથ્થો પકડયો હતો તે કેસમાં પણ આ શખ્સ વોન્ટેડ હતો. ડીગો ચાવડાની ધરપકડ કરી લઈ વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.




## સે-૩-એ ન્યુમાં ઝાડી-ઝાંખરાનું પ્રમાણ વધવાથી નાગરિકોને મુશ્કેલી

ગાંધીનગર, તા.૯

સેકટર-૩-એ ન્યુમાં ઘ-૧ થી લઈને ગ-૧ સુધીના રસ્તે ઝાડી-ઝાંખરાનું પ્રમાણ વધી જવાથી અને ઝાંખરા ટ્રીમ ન કરવાને પગલે ન્યુસન્સ વધવાથી રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. સેકટરમાં જયાં-ત્યાં પડેલા કચરાના ઢગલાની સફાઈ કરાવવા માટે રહીશો દ્વારા વારંવાર ફોરેસ્ટખાતું તેમજ મહાનગરપાલિકાને રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત, જંગલ-ઝાડીવાળા વિસ્તારોના વસાહતીની ગાડીમાંથી ટેપ, ઘરઆંગણેથી ગેસ સિલિન્ડર તથા અન્ય ચીજ વસ્તુઓ ચોરાઈ જવા મુદ્દે પણ વસાહતીઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે. વસાહતીઓએ ઝાડી-ઝાંખરાને જીસીબી દ્વારા તાત્કાલિક સાફ કરાવવા માટે રજૂઆત કરી છે. આ ઉપરાંત તાત્કાલિક કામગીરી માટે વિનંતી કરવા છતાંય કોઈ પગલા હાથ ધરવામાં આવ્યા નથી તેવું વસાહતી પ્રફુલ્લાબેન ભાવસારે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ભૂલકાંઓ દ્વારા વેજીટેબલ ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૯

ગ્લોબલ એજયુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાયમરી વિભાગના બાળકો દ્વારા બુધવારે વેજીટેબલ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભૂલકાંઓએ વેજીટેબલ ગીત, સ્પેલિંગ અને કાવ્યની રજૂઆત કરી હતી. આ ઉપરાંત બાળકોને વેજીટેબલ ખાવાથી થતા ફાયદાઓની સમજણ આપવામાં આવી હતી. વેજીટેબલ ડે અંતર્ગત એક સુંદર નાટક ભજવવામાં આવ્યું હતું. જેમાં વેજીટેબલ ખાવાથી બિમારીઓ થતી નથી, આપણા શરીરને જરૂરી વિટામીન મળી રહે છે તેમજ શરીર તંદુરસ્ત રહે છે તેવી માહિતી આપવામાં આવી હતી. આ નાટકની પ્રસ્તુતિ દ્વારા પ્રિ-પ્રાયમરી શિક્ષકગણ અને ભૂલકાંઓએ 'શાકભાજી ખાવ, તંદુરસ્ત રહો' તેવો સંદેશ રજૂ કર્યો હતો. નાના ભૂલકાંઓએ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વેજિટેબલ ડેની ઉજવણી કરી હતી.

## નરોડા-દહેગામ હાઈવે પર એકસીડન્ટ થયો અને વાહનચોરીનો ભેદ ઉકેલાયો

**સે-૭ પોલિસે ઈકો ગાડી ચોરી જનાર ગેંગના બે સાગરીતોને દબોચી લીધા**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ-નરોડા હાઈવે પર ઈકો ગાડીનો અકસ્માત સર્જાયો હતો. આ માર્ગ અકસ્માતમાં જે ઈકો ગાડી હતી તે ચોરીની હોવાની બાતમી સે-૭ પોલિસને મળતા ટીમે તપાસ શરુ કરી ઈકો ગાડીની ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. સે-૭ પોલિસ સ્ટેશનની સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ ડી.ડી.ઝાલા તથા હેડ કોન્સ્ટેબલ પુષ્પેન્દ્રસિંહ, સુરપાલસિંહ, કોન્સ્ટેબલ રતનસિંહ, મહાવિરસિંહ, નિરવકુમાર તથા ઘનશ્યામભાઈ સહિતની ટીમે આ બાતમી આધારે તપાસ કરતા આ ઈકો ગાડીમાં બેઠેલા અન્ય ઈજાગ્રસ્ત વ્યકિતઓ પાસેથી માહિતી મેળવીને ઈકો ચોરીના મુળ સુધી પહોંચવામાં સફળતા મળી હતી. વડોદરા ગામના પાટીયા પાસે અકસ્માત સર્જાયો તે ઈકો ગાડી સે-૭ પોલસ સ્ટેશનની હદમાંથી અમદાવાદ ઘાટલોડીયાના રાહુલ ગીતમસિંઘ યાદવ, બલવીરસિંઘ વૈજનાથસિંહ રાજપુત, મુકેશ, બબલુ અને કાલુ નામના શખ્સોની ગેંગ દ્વારા ચોરી કરાઈ હોવાનું બહાર આવ્યુ છે. સે-૭ પોલિસની ટીમે આ ગેંગના બે શખ્સો રાહુલ યાદવ અને બલવીર રાજપુતની ધરપકડ કરી લઈ ચોરીની ઈકો રીકવર કરી વધુ તપાસ શરુ કરી છે.








રેપિડ એકશન ફોર્સની ૧૦૦ બટાલિયનની સી-કંપનીએ સહાયક કમાન્ડન્ટના નેતૃત્વમાં એક પલટન દ્વારા ગાંધીનગર જિલ્લાના ઈન્ફોસિટી તેમજ અડાલજ પોલિસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આરએએફ દ્વારા બંને પોલિસ સ્ટેશનના વિસ્તારમાં મોબાઈલ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. તેમજ અડાલજ ગામની શાંતિ સમિતિના સભ્યો સાથે બેઠક પણ યોજી હતી. અણધારી આફત સામે તેના નિવારણ માટે સરળતા રહે તે માટે નિયમિત સમયાંતરે આ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવે છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા શિવરાત્રિ નિમિત્તે રૂદ્રપૂજાનું આયોજન

ગાંધીનગર, તા.૯

આર્ટ ઓફ લીવીંગ-ગાંધીનગર દ્વારા બેંગ્લોરથી પધારનાર સ્વામીજીના નેતૃત્વ સાથે પંડિતગણ દ્વારા સામુહિક રૂદ્રપૂજાનું આયોજન શિવરાત્રિના પવિત્ર દિવસે તા. ૧૩-૩-૨૦૧૮ને મંગળવારે સવારે ૭.૩૦ કલાકથી જીઈબી કોલોની રિક્રિએશન હોલ, બસ સ્ટોપ પાસે, થર્મલ પાવર સ્ટેશન ખાતે કરવામાં આવ્યું છે.

આ પૂજા-પાઠમાં શહેરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી લાભાન્વિત થવા આર્ટ ઓફ લીવીંગ પરિવાર દ્વારા ભાવભીનું આમંત્રણ છે. વધુ માહિતી માટે સુરેશભાઈ પરમાર મો. ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટ્રેનોની સંખ્યા વધારવા રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા.૯


ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશને મુસાફરોની સુવિધામાં ઉમેરો થાય તે હેતુથી ટ્રેનોની સંખ્યા વધારવા માટે વડાપ્રધાનને વિનંતી કરવામાં આવી છે.

ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશનનો ઉપયોગ પાટનગરમાં સ્થાયી થયેલા લશ્કર, સરહદનું રક્ષણ કરતા દળો, યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા રાજય બહારના વિદ્યાર્થીઓ તથા નાગરિકો દ્વારા કરવામાં આવે છે. આ અન્વયે ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચ દ્વારા વડાપ્રધાનને વિનંતી કરવામાં આવી છે કે આશરે ૪૦ ગાડીઓ ખોડીયાર સ્ટેશનથી કલોલ-મહેસાણા-પાલનપુર થઈને દેશના અન્ય ભાગોમાં જઈ રહી છે તેને ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશન વાયા પસાર કરવામાં આવે. આ ઉપરાંત મહેસાણા, પાટણ, આબુરોડની મેમુ-ડેમુની અમદાવાદથી ઉપડતી ટ્રેને વાયા ગાંધીનગર પસાર કરવામાં આવે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વિનંતી કરવામાં આવી છે કે જો આ બધી ટ્રેનો વાયા ગાંધીનગર પસાર કરવામાં આવે તો ગાંધીનગર દેશના અન્ય રાજયો સાથે તેમજ ગુજરાતના દ્વારિકા, પોરબંદર, કચ્છ, ભાવનગર, રાજકોટ તથા સોમનાથ સાથે જોડાઈ શકે. ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશનને વધુ ટ્રેનો આપી વિકસાવવામાં આવે તો પાટનગર આવતા લોકોને મોટી રાહત મળશે.

## આનંદો...!! હવે સોલાર ચાર્જરથી મોબાઈલની બેટરી ચાર્જ કરી શકાશે

**પીડીપીયુના ૧૦ વિદ્યાર્થીઓએ મળીને પોર્ટેબલ સોલાર મોબાઈલ ચાર્જર બનાવ્યું : આ ચાર્જરને પાવરબેંકની જેમ પણ વાપરી શકાશે**





ગાંધીનગર, તા.૯

આજના યુગમાં જો રોજીંદા જીવનમાં નડતી કોઈ સમસ્યા હોય તો તે છે મોબાઈલની બેટરી વારંવાર ઉતરી જવાની સમસ્યા છે. સ્માર્ટ ફોનના આગમન પછી અને એમાં પણ ઈન્ટરનેટ સસ્તુ થવાથી તેનો ઉપયોગ વધવાને કારણે મોબાઈલ ફોનની બેટરીનું ચાર્જીંગ ઝડપથી ઓછું થઈ જાય છે અને તેને વારંવાર ચાર્જ કરતા રહેવું પડે છે. હવે જેનું કાર્ય આઉટડોરનું વધુ હોય છે તેવા મોબાઈલ ધારકો માટે વારેઘડીયે બેટરી ચાર્જ કેવી રીતે અને કયાં કરવી તે સમસ્યા નડે છે અને પાવરબેંક વાપરે પણ અંતે તો તેને પણ ચાર્જ કરવી પડે છે. આ સમસ્યાનો ઉકેલ પીડીપીયુની સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝના ૧૦ વિદ્યાર્થીઓએ મળીને શોધી કાઢયો છે.

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ૧૦ વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોનને ચાર્જ કરવા માટ પોર્ટેબલ સોલાર ચાર્જર બનાવ્યું હતું. સૌર ઊર્જાથી બનેલા આ ચાર્જરથી મોબાઈલ ફોનને ગમે ત્યાં આસાનીથી વિજળીની સગવડ વગર જ ચાર્જ કરી શકાય છે. વળી, આ ચાર્જરને પારવબેંકની જેમ પણ વાપરી શકાય છે તેથી જયારે સૌર ઉર્જા ઉપલબ્ધ ના હોય જેમ કે રાત્રિના સમયે ત્યારે પણ મોબાઈલની બેટરી ચાર્જ કરવામાં આસાની રહે છે. વિદ્યાર્થીઓએ બનાવેલ આ સોલાર ચાર્જરની પડતર તેમને રૂ. ૭૩૦ થવા પામી હતી પરંતુ જો તેનું વ્યવસાયિક ધોરણે જથ્થામાં ઉત્પાદન કરાય તો તે ખુબ સસ્તુ પડી શકે છે અને મોબાઈલ ચાર્જીંગની સમસ્યા નિવારી શકાય છે.

## શેરથા પાસે રોંગ સાઈડથી આવતી કારની ટકકરે શિક્ષિકાનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૯

ચાંદખેડા ખાતે રહેતા ૫૭ વર્ષીય શિક્ષિકા આજે સવારે પોતાનું મોપેડ લઈને ઘરેથી કલોલ ખાતેની શાળામાં નોકરી કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે શેરથા સર્વિસ રોડ પાસે રોંગ સાઈડથી આવી રહેલી કારે શિક્ષિકાના મોપેડને ટકકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં શિક્ષિકાનું ઘટના સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી કાર ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલા શ્યામ બંગ્લોઝમાં રહેતા જશુમતીબેન ચતુરભાઈ રાઠોડ કલોલ શહેરની પ્રાથમિક શાળા નં.૪માં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. નિત્યક્રમ મુજબ રોજ સવારે ૫૭ વર્ષીય શિક્ષિકા ચાંદખેડા પોતાના ઘરેથી મોપેડ લઈને કલોલ સ્થિત શાળાએ નોકરી કરવા જતા હતા. આજે સવારે મોપેડ લઈને નોકરી કરવા જઈ રહ્યા હતા ત્યારે શેરથા સર્વિસ રોડ પર તેમને અકસ્માત નડયો હતો. સામેથી રોંગ સાઈડમાં આવી રહેલી જીજે ૧ કે.ડી. ૬૩૮૦ નંબરની કારના ચાલકે શિક્ષિકાના મોપેડને જબરદસ્ત ટકકર મારતા શિક્ષિકાનું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અડાલજ પોલિસે મૃતકના પતિ ચતુરભાઈ મોહનભાઈ રાઠોડની ફરિયાદ આધારે કાર ચાલક સામે ગુનો નોંધી કાર મુકીને ફરાર થઈ ગયેલા કાર ચાલકની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે. પીએસઆઈ કે.જે. ચૌહાણે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

## ચક્ષુદાન-મહાદાન

જુનિયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા અમદાવાદ નિવાસી સ્વ. પોપટલાલ શાંતિલાલ મોદી, ઉ.વ. ૬૫ સ્વતંત્ર વલ્લભપાર્ક સોસાયટી, બંગલા નં.-૧, ડી કેબીન સાબરમતી અમદાવાદ ખાતે તા. ૮મી ફેબ્રુઆરીએ અવસાન થતા તેમના કુટુંબીજનની સંમતિથી ચક્ષુદાન સ્વીકારવામાં આવેલ છે. શ્રી પિયુષભાઈ પોપટલાલ મોદીએ ચક્ષુદાન અંગે સંમતિ આપેલ હતી. તબીબી સેવા મેઘા અને ડૉ. મુસ્તફા દ્વારા આપવામાં આવી હતી. જયારે ચક્ષુબેંકને સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડવાનું કાર્ય દિલીપભાઈ દંતાણી દ્વારા કરાયું હતું.

## ચિરવિદાય

- સ્વ. દેવીયાનીબેન હસમુખભાઈ પટેલ, ઉ.વ. ૪૭
- સ્વ. ગીરીશકુમાર વિષ્ણુપ્રસાદ રાવલ, ઉ.વ. ૩૮